**Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/25862 /2025, Date: 26/09/2025**
**માં દર્શાવેલ ક્રમ ૧૫ ની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે .**

ડ્રાઈવર

(ક) **ભાગ-૧ લેખિત કસોટી** : લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિથી, લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ધોરણ-૧૨ ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (OMR) રહેશે.

કુલ પ્રશ્નો : ૫૦, કુલ ગુણ : ૫૦, સમય : ૪૦ મિનિટનો રહેશે.

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પાર્ટ-૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે. | ૩૦ | ૪૦ મિનિટ |
| પાર્ટ-૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૦ | |
| પાર્ટ-૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| | કુલ ગુણ : | ૫૦ | |

-૧૩-

(૧) (i) પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે. (ii) દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. (iii) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. (V) દરેક પ્રશ્નનાં જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઈચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. (vi) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૧) (ii) ભાગ-૧ લેખિત પરીક્ષામાં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ભાગ-૨ ઓનલાઇન ડ્રાઇવિંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ખ–૧)**ભાગ-૨ ઓનલાઇન ડ્રાઇવિંગ ટેસ્ટ** : ૫૦ ગુણ, સમય :૪૦ મિનિટ

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પાર્ટ-૧ | સંબંધિત જગ્યાને લગતી કામગીરી / વિષયને અનુરૂપ (Online driving test ) | ૫૦ | ૪૦ મિનિટ |
| | કુલ ગુણ : | ૫૦ | |

(ખ–૨) **વિશિષ્ઠ સિધ્ધિઓ:** ૨૦ માર્કસ

(ગ) **લઘુત્તમ લાયકી ધોરણ** : પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે ભાગ-૧ લેખિત પરીક્ષા (૪૦ %) તથા ભાગ-૨ ઓનલાઇન ડ્રાઇવિંગ ટેસ્ટ (૪૦ %) ગુણ ભારાંક રહેશે. ભાગ-૧ લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર ઉમેદવારોને જ ભાગ-૨ ઓનલાઇન ડ્રાઇવિંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ઘ) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી ભાગ-૧ લેખિત પરીક્ષા-૧ તથા ભાગ-૨ લેખિત પરીક્ષા-૨ માં મેળવેલ કુલ ગુણનાના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

(ચ) વર્ગ-૩ ના ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે ૧૦૦ માર્કસની ગણતરી નીચે મુજબ કરવી.

(૧) ભાગ-૧ લેખિત કસોટીમાં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા.

(૨) ભાગ-૨ ઓનલાઇન ડ્રાઇવીંગ ટેસ્ટમાં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા.

(૩) વિશિષ્ઠ સિધ્ધિઓ : ૨૦ માર્કસ

- સ્નાતક પદવી માટે : ૦૫ માર્કસ
- દરેક સ્નાતક પદવી માટે : ૦૫ માર્કસ પરંતુ વધુમાં વધુ ૧૦ માર્કસ.
- એ જ રીતે અનુભવ માટે એક વર્ષના એક માર્કસ લેખે વધુમાં વધુ ૧૦ માર્કસ આપી શકાશે

પરંતુ અનુભવ જે તે જગ્યાની કામગીરી માટેનો જ ગણવાનો રહેશે.

(છ) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ કેટેગરીવાઇઝ તેમજ પુરૂષ તથા મહિલા અલગ રીતે દર્શાવી તૈયાર કરવામાં આવશે.

(જ) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક : પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪, તા.૨૩/૭/૨૦૦૪ ની જોગવાઇઓ ધ્યાને લઇ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વગ તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરી (બિનઅનામત) ની જગ્યા સામે સરભર કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

(ઝ) ઉમેદવાર પોતે ઉપરોક્ત જગ્યાઓની મેરીટ યાદી / પસંદગી યાદી / ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકકદાર થશે નહિ. સરકારશ્રી / યુનિવર્સિટીના વખતો વખતના ઉપરોકત જગ્યાઓના ભરતી નિયમો તેમજ ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીમાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની મેરીટ ક્રમ / પસંદગી ક્રમને આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી / જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

===xxxx========xxxx=======xxxx=========xxxx====